# વિકાસની હરણફાળમાં ગાંધીનગર અગ્રેસર : રીટાબેન પટેલ



**ત્રિરંગાને મેયરશ્રીના હસ્તે સલામી આપવા સાથે મહાનગર પાલિકા દ્વારા વાવોલમાં પ્રજાસત્તાક પર્વની દબદબાભેર ઉજવણી કરાઇ**

**નવા ભળેલા સહિત મહાપાલિકા વિસ્તારમાં ૧૧૦૦ કરોડના ખર્ચના માળખાકીય સુવિધાના કામ પ્રગતિ હેઠળ છેઃ મેયરશ્રી**

ગાંધીનગર

દેશના ૭૨માં પ્રજાસત્તાક દિવસની ઉજવણી મહાનગર પાલિકા દ્વારા મહાપાલિકામાં નવા ભળેલા વિસ્તાર વાવોલ ખાતે દબદબાભેર કરવામાં આવી હતી. મેયરશ્રી રીટાબેન પટેલના હસ્તે ત્રિરંગો ફરકાવીને રાષ્ટ્રગીતના ગાન સાથે સલામી ઝીલવામાં આવી હતી. મેયરશ્રીએ દેશને આઝાદિ અપાવનારા શહિદોને યાદ કરવાની સાથે આપેલા પ્રવચનમાં જણાવ્યું હતું કે વિકાસની હરણફાળમાં અગ્રેસર ગાંધીનગરમાં નવા ૬૦૦ કરોડના કામોનું આયોજન કરાયું છે અને આ સિવાય માળખાકીય સુવિધા અને લોક કલ્યાણના કામની રૂપિયા ૯૦૦ કરોડની યોજનાઓ પ્રગતિ હેઠળ છે અને ૨૦૦ કરોડના ખર્ચના કામ પૂર્ણ કરાયા છે. ખાસ જાહેરાત કરતાં જણાવ્યું કે, ગાંધીનગર-કોબા-ઈન્દિરા બ્રિજ સુધીના એક્સપ્રેસ વેના ભાગરૂપે પ્રથમ તબક્કામાં આ રસ્તાની સમાંતર આવેલ સર્વિસ રોડને ફૂટપાથ સાથે ચારમાર્ગીય કરવાની કામગીરી રૂ. ૮૮.૦૦ કરોડના ખર્ચે ટૂંક સમયમાં શરૂ કરવાનું આયોજન છે. મેયરશ્રીએ આ તકે ગાંધીનગરમાં મેટ્રો રેલ અને અયોધ્યામાં રામ મંદિર માટે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનો આભાર માન્યો હતો. સાથે જ મહામારી સામેની લડત માટે કોરોના વોરિયર્સ અને સ્વચ્છતા માટે સફાઈ કર્મયોગીઓની કાર્યનિષ્ઠાને મેયરશ્રી દ્વારા બિરદાવાઈ હતી. મેયરશ્રી દ્વારા કોરોના સંક્રમણ બાદ નિધન પામેલા કોર્પોરેટરશ્રી ધીરૂભાઈ ડોડિયાને શ્રદ્ધાંજલિ અપાઈ હતી. સાથે જ સ્વચ્છ સર્વેક્ષણ અંતર્ગતની વિવિધ સ્પર્ધાના વિજેતાઓને ઈનામ અને પ્રમાણપત્ર વિતરણ કરવામાં આવ્યા હતાં.

આ પ્રસંગે ડેપ્યુટી મેયરશ્રી નાજાભાઈ ઘાંઘર, સ્થાયી સમિતિના ચેરમેનશ્રી દેવેન્દ્રસિંહ ચાવડા, ધારાસભ્યશ્રી શંભુજી ઠાકોર, પૂર્વ કેબીનેટ મંત્રીશ્રી વાડીભાઈ પટેલ, શ્રી હર્ષદભાઈ પટેલ પ્રભારીશ્રી ગાંધીનગર, પૂર્વ ધારાસભ્યશ્રીઓ અશોકભાઈ પટેલ તથા પુનમભાઈ મકવાણા, વિપક્ષ નેતાશ્રી શૈલેન્દ્રસિંહ બિહોલા, શહેર ભાજપ પ્રમુખશ્રી રૂચિરભાઈ ભટ્ટ, પૂર્વ પ્રમુખશ્રી મહેન્દ્રભાઈ પટેલ, પૂર્વ ગુડા ચેરમેનશ્રી આશિષભાઈ દવે, પૂર્વ મેયરશ્રીઓ મહેન્દ્રસિંહ રાણા, પ્રવિણભાઈ પટેલ, હંસાબેન મોદી તથા શોભનાબેન વાઘેલા, તાલુકા પ્રમુખશ્રી જશુભાઈ પટેલ, મ્યુનિસિપલ કમિશનરશ્રી ડૉ. રતનકંવર ગઢવીચારણ, નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી પી. સી. દવે, કોર્પોરેટરશ્રીઓ, વાવોલ ગામના આગેવાનશ્રીઓ શૈલેષભાઈ પટેલ, વિક્રમસિંહ ગોલ, કુબેરસિંહ ગોલ, નગીનભાઈ નાડીયા તથા ભાજપ સંગઠનના મહામંત્રીશ્રીઓ કનુભાઈ, ગૌરાંગભાઈ અને ધર્મેન્દ્રસિંહ, વોર્ડ પ્રમુખશ્રીઓ તથા મહામંત્રીશ્રીઓ, કાર્યકર્તાશ્રીઓ, સરપંચશ્રીઓ, ઉપસરપંચશ્રીઓ તથા અલગ-અલગ સંસ્થાના મહાનુભાવો, નગરજનો, મહાનગર પાલિકાનાં અધિકારીશ્રીઓ, કર્મચારીશ્રીઓ તેમજ પત્રકાર મિત્રો ઉપસ્થિત રહ્યા હતાં.



## પેથાપુર માટે ગટર વ્યવસ્થા સહિત ૫૦ કરોડના ખર્ચની યોજનાઓ તૈયાર : મેયર

**પેથાપુર ચાર રસ્તે મહાન યોદ્ધા મહારાણા પ્રતાપની પ્રતિમા મુકીને નગરને આગવી ઓળખ અપાશે**

ગાંધીનગરઃ

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા વાવોલમાં આયોજિત



પ્રજાસત્તાક દિનની ઉજવણીના પ્રસંગે મેયરશ્રીએ કરેલા ઉદબોધન દરમિયાન હવે મહાનગર પાલિકામાં ભળેલા પેથાપુર વિસ્તારમાં માળખાકીય સુવિધાના રૂપિયા ૫૦ કરોડના ખર્ચના વિવિધ કામોની જાહેરાત કરવામાં આવી હતી. સાથે જ મેયરશ્રી રીટાબેન પટેલે જણાવ્યું કે ગત ૧૫મી ઓગષ્ટના રોજ જાહેર કર્યા મુજબ પેથાપુર ચાર રસ્તા ઉપર રાજપૂત યુવા પરિષદ અને મહાનગરપાલિકાના સહયોગથી સમગ્ર ભારત વંશના મહા-યોધ્ધા મહારાણા પ્રતાપની પ્રતિમા મુકવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. જે ટૂંક સમયમાં પૂર્ણ થશે, આમ થવાથી પેથાપુરનાં પ્રવેશદ્વારની આગવી ઓળખ ઉભી થશે.

પેથાપુર માટે હાથ ધરાયેલી યોજનાઓ સંબંધમાં વધુમાં જણાવ્યું કે પેથાપુર, કોલવડા તેમજ રાંધેજા ખાતે નર્મદાનું પાણી પહોંચાડવાની રૂ. ૧૩.૫૦ કરોડની યોજના અને પેથાપુર ખાતે સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટની ક્ષમતા વધારી અને પેથાપુર તેમજ ટી.પી. વિસ્તારની ગટર વ્યવસ્થા કાર્યરત કરવાનું આયોજન રૂ. ૩૫.૦૦ કરોડના ખર્ચે હાથ ધરવામાં આવી રહ્યું છે. રૂ. ૩૮ લાખના ખર્ચે પેથાપુરમાં પેવર બ્લોક અને સી.સી. રોડ બનાવવાની કામગીરી પ્રગતિમાં છે. અહીંના સરકારી દવાખાનાનું નવીનીકરણ કરી સમગ્ર જનતાને ઉપયોગમાં આવે તેવું અદ્યતન દવાખાનું બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવશે. જ્યારે હયાત સ્મશાનગૃહનું નવીનીકરણ કરાશે. પેથાપુર તેમજ તેના ટી.પી. વિસ્તારમાં નવીન બગીચાઓ બનાવી તેની સુંદરતામાં વધારો કરાશે.. પેથાપુર-રાંધેજા રસ્તાને સ્ટ્રીટ લાઈટ સાથે ચાર માર્ગીય કરવાનું આયોજન હાથ ધરવામાં આવેલ છે. રૂ. ૧૪.૬૩ કરોડના ખર્ચે નવા ૧૮ ગામો તથા પેથાપુર નગરપાલિકા વિસ્તારમાં માં નવા સી.સી. રોડતથા ડામર રોડના કામ કરાશે.

## આલમપુર ગામે રાજ્યપાલશ્રી દ્વારા સફાઈ અભિયાન હાથ ધરાયું

ગાંધીનગર, તા. ૨૭

ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે ગણતંત્ર દિવસની સંધ્યાએ ગાંધીનગર જિલ્લાના





આલમપુર ગામમાં સ્વચ્છતા અભિયાનનો શુભારંભ કરાવતાં જણાવ્યું હતું કે ગણતંત્ર દિવસનો આ પાવન અવસર બેટી બચાવો-બેટી પઢાવો, સ્વચ્છતા, પર્યાવરણ રક્ષા, નશા મુક્તિ જેવાં જન કલ્યાણના કાર્યો માટે સંકલ્પબદ્ધ થવાનો અવસર છે. રાજ્યપાલશ્રીએ આ પ્રસંગે દેશની આઝાદી માટે પ્રાણ ન્યોછાવર કરનારા શહિદોને નમન કરી સ્વાતંત્ર્ય સેનાનીઓના સપનાના ભારતનું નિર્માણ કરવા નાગરિકોને અનુરોધ કર્યો હતો.

રાજ્યપાલશ્રી ભ્રુણ હત્યાને સામાજિક કલંક ગણાવી ઉમેર્યુ હતુ કે ભ્રૃણ હત્યા એ નારી જાતિનું અપમાન છે. તેમણે બેટી બચાવો-બેટી પઢાવો જન અભિયાન માટે સૌને સંકલ્પબદ્ધ થવા અનુરોધ કર્યો હતો.

ગાંધીનગર જિલ્લાના આલમુર ગામ ખાતે સ્વચ્છતા ઝુંબેશનો શુભારંભ કરાવતા રાજ્યપાલશ્રીએ વૃક્ષારોપણ પણ કર્યુ હતુ. તેમણે પર્યાવરણની રક્ષા માટે વૃક્ષારોપણ અને વૃક્ષોનું જતન કરવા, જળનો વિવેકપૂર્ણ ઉપયોગ અને જળ સંચય કરવા યુવાઓને નશાના વિષચક્રમાં ફસાતા અટકાવવા ગ્રામજનોને સંકલ્પ લેવડાવ્યા હતા.

રાજ્યપાલશ્રીએ ગ્રામજનોને સ્વચ્છતાગ્રહી બની સ્વચ્છ ભારત મિશનમાં સહયોગી બનવા અનુરોધ પણ કર્યો હતો.

આ સ્વચ્છતા અભિયાનમાં ગાંધીનગર જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્ય, મહાનગરપાલિકાના કમિશનર રતનકંવર ગઢવીચારણ, ગાંધીનગર પ્રાંત અધિકારી જે.એમ. ભોરણિયા, ગાંધીનગર મામલતદાર સુનિલભાઈ રાવલ, ગાંધીનગર તાલુકા વિકાસ અધિકારી સહિત વિશાળ સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

### ખૂણેખાંચરેથી

- જિલ્લા કલેક્ટરે આજે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈ નિયુક્ત ચૂંટણી અધિકારીઓ અને મદદનીશ ચૂંટણી અધિકારીઓ સાથે ગૂગલ મીટ યોજી તૈયારીઓની સમીક્ષા કરી હતી.
- ગાંધીનગર જિલ્લામાં પ્રજાસત્તાક પર્વની સાદગીપૂર્ણ છતાં દબદબાપૂર્ણ ઉજવણી કરાઈ હતી.
- ગાંધીનગર જિલ્લામાં સતત ચોથા દિવસે કોરોનાના નવ કેસ નોંધાયા છે.
- ડે. મેયર નાઝાભાઈ ધાંધરે રામ મંદિર નિર્માણ માટે રૂ. એક લાખનું દાન આપ્યુ છે.
- ગાંધીનગર જિલ્લામાં ઠંડીનું જોર વધ્યુ છે અને તેની સીધી અસરો જનજીવન પર પડેલી જોવા મળી રહી છે.
- ગાંધીનગર મનપા દ્વારા હવે કચરામાંથી ઊર્જા ઉત્પન્ન કરવાના પ્રોજેક્ટ પરની પ્રાથમિક કવાયતો હાથ ધરી છે.
- આગામી ૧, ૨, ૩ ફેબ્રુઆરીના રોજ ભાજપના નવા રચાયેલા પાર્લામેન્ટરી બોર્ડની બેઠકો મનપાના ઉમેદવારોની પસંદગી માટે મળશે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રવેશ દ્વારે મુકાયેલ સેનીટાઈઝેશન માટેના મશીનમાં સેનેટાઈઝર ખલાસ થઈ જતાં તે બંધ પડ્યુ હતુ.

## પેથાપુર ચોકડી પાસે ડમ્પર ચાલકે સાયકલસવારને ઘસડ્યો!

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર-મહુડી માર્ગ પર પીંપળજ ગામે મામાની દિકરીને મળવા માટે જઈ રહેલા ભાઈને પેથાપુર ચોકડી પાસે અકસ્માત નડ્યો હતો. ચાર રસ્તા પાસે વળાંક પર ડમ્પર ચાલકે સાઈકલ સવારને ટક્કર મારી ઘસડતા હોહા મચી ગઈ હતી. સાયકલ ચાલકે બુમાબુમ કરતા ચાલકે ડમ્પર ઉભુ રાખ્યું હતું. સાયકલ ચાલકને બંન્ને પગે ગંભીર ઈજા પહોંચતા તાત્કાલીક સારવાર માટે ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ ખસેડાયા હતા. ત્યાંથી વધુ સારવાર માટે અમદાવાદ રીફર કરાયા હતા.જયાં સાથળના ભાગે ફ્રેક્ચર અને ઘુંટણના ભાગે ગંભીર ઈજા થઈ હોવાનું જાણવા મળ્યું છે. બનાવ અંગે ડમ્પર ચાલક સામે પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પેથાપુર આંકોલ વિસ્તારમાં રહેતા વિનોદભાઈ બાબુભાઈ ચૌહાણ છુટક મજુરી કરી પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. જયારે ફરીયાદીના પત્ની સેકટર-૨૩ શોંપીગ સેન્ટર ખાતે સફાઈ કામદાર તરીકે ફરજ બજાવે છે. ગત તા.૨૨ ના રોજ ફરીયાદી પોતાના ઘરે હતા તે સમયે બપોરના ચાર વાગ્યાના અરસામાં તેમના દિકરાનો ફોન આવ્યો હતો અને મમ્મીને હું લેતા આવીશ, એટલે તમે જતા નહી. જેથી ફરીયાદી સાડાચાર વાગ્યાના અરસામાં પીંપળજ ખાતે રહેતી મામાની દિકરીને મળવા માટે જવા નીકળ્યા હતા. ત્યારે પેથાપુર ચોકડીથી સાઈકલ મહુડી માર્ગ તરફ વળાંક લઈ રહી તે સમયે જ અચાનક પુરઝડપે આવી રહેલા ડમ્પર ચાલકે સાઈકલને ટક્કર મારી હતી. જેથી આ બનાવમાં સાયકલ ચાલક ડમ્પર સાથે ઘસડાયા હતા. અકસ્માતને પગલે નાગરીકો મોટીસંખ્યામાં એકઠા થઈ જતા હોહા થતા ચાલકે તેનું ડમ્પર ઉભુ રાખ્યું હતું. ઈજાગ્રસ્તને ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ સારવાર માટે લઈ જવાયા હતા. ત્યારબાદ વધુ સારવાર માટે અમદાવાદ રીફર કરાયા હતા. જયારે પરિવારજનોને અકસ્માત અંગે જાણ થતા તાત્કાલીક સિવિલ હોસ્પિટલ ખાતે પહોંચી ગયા હતા. સાઈકલ ચાલકની ફરીયાદ નોંધી પેથાપુર પોલીસે તપાસ હાથ ધરી છે.

## અમિયાપુર પાસેથી ચોરીના બાઈક સાથે શખ્સ ઝડપાયો

એલસીબી-૧ પીઆઈ જે.જી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એ.જી.એનુરકાર તેમજ ટીમના સભ્યો પેટ્રોલીંગમા હતા તે દરમિયાન સાથે રહેલા કોન્સ્ટેબલ ધીરેન્દ્રસિંહ બહાદુરસિંહને બાતમી મળી હતી કે અમિયાપુર ગામના પાટીયા પાસે એક શખ્સ ચોરીના સ્પ્લેન્ડર બાઈક સાથે ઉભો છે. જેની પોલીસ ટીમના સભ્યો તાત્કાલીક અમીયાપુર પાટીયા પાસે પહોંચીને નરેન્દ્ર ઉર્ફે મંગાભાઈ દશરથભાઈ પંચાલ (હાલ રહે.એ-૫૬ આસોપાલવનગર ભગવતીનગર સામે અમરાઈવાડી, મુળ રહે કુંભારવાસ, ગામ-ખાવડ તા.જી. મહેસાણા) ને સ્પ્લેન્ડર બાઈક નં.જી.જે.૧.એફ.ડી.-૮૫૭૭ સાથે ઝડપી પાડ્યો હતો.



**આકાશ માર્ગેથી રાષ્ટ્રધ્વજનું આરોહણ કરી ધ્વજવંદન કરતું 'પ્રમુખ ગૃપ'**

ગાંધીનગરમાં ૭૨માં પ્રજાસત્તાક દિનની ઉજવણી સરકારી આયોજનો ઉપરાંત ખાનગી એકમોમાં પણ હોંશે હોંશે થતી જોવા મળી હતી. શહેરના જાણીતા બિલ્ડર્સ 'પ્રમુખ ગૃપ' દ્વારા પ્રજાસત્તાક દિનની ઉજવણીનું વિશેષ ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતુ જેમાં સાઈટ પર ૩૦૦ જેટલાં શ્રમિકોની ઉપસ્થિતિમાં બાંધકામમાં વપરાતી ક્રેઈન અને ટ્રોલીના ઉપયોગથી રાષ્ટ્રધ્વજનું આકાશ માર્ગેથી આરોહણ કરવામાં આવ્યું હતું. આ પ્રકારનો શહેરમાં પહેલીવાર પ્રયોગ જોઈને સૌ કોઈ અચંબિત રહી ગયાં હતા. ભારતમાતાના જય ઘોષ સાથે ગણતંત્ર દિવસની ઉજવણી સંપન્ન કરવામાં આવી હતી.

## જિલ્લા પંચાયત ખાતે પ્રજાસત્તાક દિનની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લા પંચાયત ખાતે જિલ્લા વિકાસ અધિકારી શાલિની દુહાનના હસ્તે ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ૧૨ કર્મયોગીઓનું સન્માન કરવામાં આવ્યું હતું તેમજ પુંધરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને તેની ગુણવત્તાલક્ષી સેવાઓ બદલ એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યું હતું.

## એલઆરડી આંદોલનમાં ૧૯ યુવકોને જેલમાં મોકલી અપાયા

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર શહેરમાં છેલ્લા કેટલાક દિવસથી એલઆરડી પુરૂષ આંદોલન ચાલી રહ્યું છે. ત્યારે આ આંદોલનમાં ૧૯ ઉમેદવારોને જેલમાં મોકલી આપવામાં આવ્યા છે. પોલીસ તંત્ર દ્વારા ૧૧ જેટલી જાહેરનામા ભંગની ફરીયાદો થઈ છે. પોલીસે ઉમેદવારોને મામલતદાર સમક્ષ રજુ કર્યા હતા. જેમાં ૧૯ યુવકો જામીન ન લઈ શકતા તમામ ઉમેદવારોને સાબરમતિ સેન્ટ્રલ જેલ ખાતે મોકલી અપાયા હતા. પોલીસ વિભાગ દ્વારા લોકરક્ષક દળની ૯,૭૧૩ જગ્યા બહાર પાડવામાં આવી હતી. જેમાં ૩૦૭૭ જગ્યા માત્ર મહિલાઓ માટે હતી. ત્યારે અનામત વર્ગમાં આવતી ઉચ્ચ મેરીટવાળી મહિલા ઉમેદવારોને જનરલ મેરીટમાંથી બાદ કરાઈ હતી. જે અંગે એલઆરડી મહિલા ઉમેદવારોનું ગાંધીનગરમાં અંદાજીત ૭૨ દિવસ સતત આંદોલન ચાલ્યું હતું. ત્યારબાદ સરકારે તા.૧ ઓગસ્ટ ૨૦૧૮નો ઠરાવ રદ કર્યો હતો. જેથી મહિલા ઉમેદવારોની બેઠકોની સંખ્યામાં વધારો કરવામાં આવ્યો હતો. ત્યારબાદ પુરુષ ઉમેદવારો પણ બેઠકો વધારવા માટે આંદોલન ચલાવી રહ્યા છે.



**સે. ૨૧માં રાજસ્થાન સમાજ સેવા ટ્રસ્ટે ગણતંત્ર દિનની ઉજવણી કરી**

ગાંધીનગરમાં સેક્ટર-૨૧ ખાતે રાજસ્થાન સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા આયોજિત ગણતંત્ર દિવસની ઉજવણીમાં મુખ્ય અતિથિપદે મનપાના વિપક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા સહિત અગ્રણીઓ પ્રવિણભાઈ વાઘેલા, કિરીટસિંહ રાઠોડ તથા સંસ્થાના અધ્યક્ષ તુલસીભાઈ માલી અને મહામંત્રી મુકેશજી વ્યાસ વગેરે ઉપસ્થિત રહ્યાં હતા જે તમામનું રાજસ્થાની સાફા પહેરાવી સન્માન કરાયુ હતુ. આ પ્રસંગે રાજસ્થાની સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં તુલસીભાઈ માળી તથા વડીલ ધરમવીર ચૌધરી દ્વારા ધ્વજ ફરકાવાયો હતો. ઉપસ્થિત મહાનુભાવોએ સંસ્થાની ગૌસેવા અને જરૂરિયાતમંદોને મદદ તથા રક્તદાન જેવી પ્રવૃત્તિઓની પ્રસંશા કરી હતી.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ